| | |
|---|---|
| | # ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ<br>**(ગુજરાત સરકારનુ સાહસ)**<br>**!! છ રોડ !! !! જલસેવા ભવન !!, એરફોર્સની કચેરીની સામે,સેકટર-૧૦-એ,ગાંધીનગર**<br>**પીએબીએકસ નં. (૦૭૯)૨૩૨૨૯૧૬૨, ૨૩૨૨૦૮૫૯, ૨૩૨૨૨૫૪૭ વેબસાઇટ " www.gwssb.org "** |

## <u>જાહેરાત</u>

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલ જગ્યા માટે જરૂરી શૈક્ષણિક લાયકાત અને ગુજરાતી ભાષાનું જ્ઞાન ધરાવતા યોગ્ય ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગનુ નામ | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ તથા ગ્રેડ પે |
|---|---|---|---|
| ૧ | કાર્યપાલક ઇજનેર(સિવિલ) | ૦૪ | પ્રથમ ચાર વર્ષ માટે મદદનીશ કાર્યપાલક ઇજનેર(સિ) તરીકે<br>રૂ.૯૩૦૦-૩૪૮૦૦. ગ્રેડ પે.-૫૪૦૦<br>તથા<br>ત્યારબાદ કાર્યપાલક ઇજનેર(સિ) તરીકે<br>રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦. ગ્રેડ પે.-૬૬૦૦ |

**<u>શૈક્ષણિક લાયકાત</u>** : (અ) માન્ય યુનિવર્સિટીની સિવિલ ઇજનેરીની સ્નાતકની પદવી અથવા જેને સરકારે આ હેતુ માટે સમકક્ષ લાયકાત તરીકે માન્ય ગણેલ હોય તે લાયકાત ધરાવતા હોવા જોઇએ.
(બ)એમ.એસ.ઓફીસ,એમ.એસ.એકસેલ,એમ.એસ.વર્ડ,એમ.એસ.પ્રોજેકટ/ઓટોકેડનુ કોમ્પ્યુટરનુ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

**<u>અનુભવ :</u>** ડીગ્રી બાદ સીવીલ એન્જીનીયરીંગ કન્સ્ટ્રકશન કામનો ત્રણ વર્ષનો અનુભવ

કક્ષાવાર જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનુ નામ | જગ્યાની સંખ્યા | સામાન્ય | | અનુ.જાતિ | | અનુ.જ.જા. | | સા.શૈ.પ. | | વિકલાંગ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ/સ્ત્રી |
| ૧ | કાર્યપાલક ઇજનેર (સિવિલ) | ૦૪ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

**<u>જાહેરાતની સામાન્ય જોગવાઇઓ :</u>**

(૧) રસ ધરાવતા ઉમેદવારોએ **<u>તા.૧૬/૦૧/૨૦૧૫(૧૪-૦૦ કલાક) થી તા.૩૦/૦૧/૨૦૧૫ (૨૩-૫૯ કલાક)</u>** દરમ્યાન **http://ojas.guj.nic.in** પર ઓન લાઇન અરજી કરવાની રહેશે. ઓન લાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ **http://ojas.guj.nic.in** ઉપરથી વાંચી લેવાની રહેશે.

(૨) **<u>અનામત :</u>** મૂળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે આ અંગે ગુજરાત રાજયના સક્ષમ અધિકારીશ્રી દવારા ઇશ્યુ કરાયેલ જાતિ અંગેનુ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૩) <u>**વયમર્યાદા :**</u>

અરજી કરવાની છેલ્લી તારીખે ઉમેદવારની **<u>ઉંમર ૩૦ વર્ષથી</u>** વધુ હોવી જોઇએ નહી. માન્ય યુનિવર્સિટીની સિવિલ ઇજનેરીની અનુ.સ્નાતકની પદવી ધરાવતા ઉમેદવારને ઉપલી વયમર્યાદામાં વધુ ૦૨ વર્ષની છુટછાટ મળવાપાત્ર રહેશે.

(૪) <u>**વયમર્યાદામાં છુટછાટ :**</u>

(એ) મૂળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર ૦૫(પાંચ) વર્ષની છુટછાટ આપવામાં આવશે. અનામત વર્ગોના ઉમેદવારો જો બીન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે નહી.

(બી) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવની જોગવાઇ મુજબ મહીલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર ૦૫(પાંચ) વર્ષની છુટછાટ આપવામાં આવશે.

(સી) જો સ્ત્રી ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો પુરૂષ ઉમેદવારથી જગ્યા ભરવામાં આવશે

(ડી) અશકતતા ધરાવતા ઉમેદવારે ૪૦ થી ૭૫ ટકા અશકતતા ધરાવે છે તેવુ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ.૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેન્ડેન્ટ/ સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્ર રજુ કર્યેથી ઉપલી વયમર્યાદામાં ૧૦ (દશ) વર્ષની છુટછાટ મળશે.

(ઇ) તમામ કેટેગરીના ઉમેદવારોની ઉપલી વયમર્યાદામાં છુટછાટ સાથે કોઇ પણ સંજોગોમાં નિયત તારીખે ઉંમર ૪૫ વર્ષથી વધવી જોઇએ નહી.

(એફ) ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડમાં હંગામી મહેકમ ઉપર ફરજ બજાવતા ઉમેદવારને ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમ-૧૯૬૭ મુજબ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે. તેઓએ પણ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

(૫) રાષ્ટ્રીયતા : ઉમેદવાર ભારતનો નાગરીક હોવો જોઇએ.

(૬) ઉમેદવાર ગુજરાતી / હિન્દી અથવા બન્ને ભાષાનુ પુરતુ જ્ઞાન ધરાવતો હોવો જોઇએ

(૭) કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇએ તેમજ સરકાર માન્ય સંસ્થામાં અજમાયશી સમય દરમ્યાન **CCC+** કોમ્પ્યુટરની પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૮) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનુ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૯/૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક ના નમુનામાં નાણાંકીય વર્ષ-૨૦૧૩-૨૦૧૪ નુ તા.૦૧/૦૪/૨૦૧૪ પછીનુ પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.

(૯) ગુજરાત સરકારના સરકારી/અર્ધ-સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન/ કંપનીઓમાં સેવા બજાવતા અધિકારી/કર્મચારીઓએ પણ ઓનલાઇન અરજી કરવાની રહેશે. તેમજ ઉમેદવારે સક્ષમ અધિકારીનુ ના-વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનુ રહેશે.

(૧૦) ઉમેદવારે નિયત અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દવારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.

(૧૧) ઉમેદવારે અરજીમાં દર્શાવેલ કેટેગરીમાં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહી.

(૧૨) નિમણૂંક

➢ ઉપરની જાહેરાતના સંબંધમાં પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂંક બોર્ડ દ્વારા બોર્ડ કચેરી તેમજ રાજયમાં આવેલ બોર્ડના નિયંત્રણ હેઠળની અન્ય કચેરીમાં કરવા પાત્ર રહેશે.

(૧૩) **અરજી ફી સ્વીકારવા / જમા કરાવવા અંગે .**

(એ) જનરલ કેટેગરીના ઉમેદવારોએ નજીકની કોઇ પણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં અરજી ફી પેટે **રૂ.૨૦૦/- અને રૂ.૧૨/-** સર્વિસ ચાર્જ એમ કુલ **રૂ.૨૧૨/-** ભરવાના રહેશે.

(બી) મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ નજીકની કોઇ પણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં અરજી ફી પેટે **રૂ.૧૦૦/-અને રૂ.૧૨/-**સર્વિસ ચાર્જ એમ કુલ **રૂ.૧૧૨/-**ભરવાના રહેશે.

(સી) ઉમેદવાર જયારે **OJAS** વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને અરજી ફી ભરવા માટે ઓન લાઇન ઉપલબ્ધ ચલણની ૩ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સુચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પ્રિન્ટ મેળવી લઇ ચલણ સાથે કોઇ પણ કોમ્પ્યુટરરાઇઝડ પોસ્ટ ઓફીસમાં ફીની રકમ રોકડેથી ભરવાની રહેશે. ચલણની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલ ઉમેદવારને સ્ટીકર સાથે પરત આપશે. આ નકલ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે અને પરીક્ષા સમયે કોલ લેટર સાથે અચૂક લાવવાની રહેશે.

(ડી) જો ઉમેદવાર ફી ભર્યાની નકલ સાથે નહી લાવે તો તેવા ઉમેદવારોને પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહી.

(ઇ) અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી.

(એફ) પોસ્ટ ઓફીસમાં ફી ભરવાની છેલ્લી તારીખ**. <u>૩૧/૦૧/૨૦૧૫</u>** રહેશે.

(જી) ફી ભર્યા બાદ કોઇ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.

(૧૪) **<u>અરજી કરવાની રીત</u>** :

(૧)રસ ધરાવતા ઉમેદવારોએ <u>તા.૧૬/૦૧/૨૦૧૫(૧૪-૦૦ કલાક) થી તા.૩૦/૦૧/૨૦૧૫ (૨૩-૫૯ કલાક)</u> દરમ્યાન **http://ojas.guj.nic.in** પર ઓન લાઇન અરજી કરવાની રહેશે. ઓન લાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ **http://ojas.guj.nic.in** ઉપરથી વાંચી લેવાની રહેશે.(૨)સૌ પ્રથમ કોમ્પ્યુટરમાં ઇન્ટરનેટમાં **http://ojas.guj.nic.in** પર જવુ. હવે (૩)**Apply On Line** પર **Click** કરવાથી ભરવાપાત્ર જાહેરાતનો જાહેરાત ક્રમાંક , નામ અને અરજી કરવાની મુદતની વિગત દેખાશે.(૪) અરજી કરવા ઇચ્છતાં ઉમેદવારે નીચે **Apply Now** પર **Click** કરવાથી **Application Format** દેખાશે, **Application Format** માં સૌ પ્રથમ " **Personal Details** " ઉમેદવારે ભરવાની રહેશે. અહીં લાલ કુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે. (૫) **Personal Details** ભરાયા બાદ " **Educational Details** " ભરવા માટે **Educational Details** પર **Click** કરવુ. (૬) તેની નીચે **Self Declaration** માં **Yes /No** પર **Click** કરવુ.(૭) હવે **Save** પર **Click** કરવાથી તમારી અરજીનો ઓન લાઇન સ્વીકાર થશે. અરજીના સ્વીકારથી આપનો **Application Number Generate** થશે. જે ઉમેદવારે નોંધી લેવાનો અને સાચવીને રાખવાનો રહેશે. (૮) હવે પેજ ઉપરના ભાગમાં **Upload Photo** પર **Click** કરો, અહીં તમારો **Application Number Type** કરો અને તમારી **Birth Date Type** કરો. ત્યારબાદ **OK** પર **Click** કરો. અહીં **Photo** અને **Signature Upload** કરવાના છે( ફોટોનુ માપ ૫ સે.મી.ઉંચાઇ અને ૩.૬ પહોળાઇ અને **Signature** નુ માપ ૨.૫ સે.મી.ઉંચાઇ અને ૭.૫ સે.મી.પહોળાઇ રાખવી). **Photo** અને **Signature Upload** કરવા સૌ પ્રથમ તમારો **Photo** અને **Signature JPG Format** માં **(15 KB) Size** થી વધારે નહી તે રીતે **Computer** માં હોવો જોઇએ." **Browse Button** " પર **Click** કરો. હવે **Choose File** ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં **JPG**

**Format** માં તમારો ફોટો સ્ટોર થયેલ છે. તે ફાઇલને **Select** કરો અને " **Open Button** " ને કલીક કરો. હવે **Browse Button** " ની બાજુમાં " **Upload Button** " પર **Click** કરો. જેથી બાજુમાં તમારો ફોટો દેખાશે. હવે આ જ રીતે **Signature** પણ **Upload** કરવાની રહેશે.(૯) હવે પેજના ઉપરના ભાગમાં " **Confirm Application** " પર **Click** કરો. જયાં **Application Number** તથા **Birth Date Type** કર્યાબાદ **Ok** પર **Click** કરવાથી બે બટન (૧)**Application Preview** (૨) **Confirm Application** દેખાશે. ઉમેદવારે **Application Preview** પર **Click** કરી પોતાની અરજી જોઇ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો **Edit Application** પર **Click** કરીને સુધારો કરી લેવો. અરજી **Confirm** કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી **Confirm** કર્યા બાદ કોઇ પણ પ્રકારનો સુધારો થઇ શકશે નહી. જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ **Confirm Application** પર **Click** કરવુ. **Confirm Application** પર **Click** કરવાથી ઉમેદવારની અરજીનો ઓનલાઇન સ્વીકાર થઇ જશે અહીં " **Confirmation Number** " **Generate** થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોય ઉમેદવારે સાચવવાનો રહેશે. **Confirmation Number** સિવાય કોઇ પણ પત્ર વ્યવહાર કે પરીક્ષાને લગતી કોઇ પણ કાર્યવાહી કરી શકશે નહી. આ નંબર ભવિષ્યમાં આ જાહેરાતના સંદર્ભમાં કોઇ પણ પત્ર વ્યવહારમાં સંદર્ભ તરીકે દર્શાવવાનો રહેશે. (૧૦)હવે " **Print Application** " પર **Click** કરવુ.અહીં તમારો **Confirmation Number** ટાઇપ કરવો અને **Print** પર **Click** કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી (૧૧) **Confirm** થયેથી તુરત જ અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર આપને **SMS** મળશે. જેથી અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર બદલવો નહી.

રૂબરૂ ચકાસણી દરમ્યાન ઉમેદવારે **On Line** અરજીપત્રકમાં બતાવેલી જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અને અન્ય લાયકાતો બાબતે જો કોઇ વિસંગતતા માલુમ પડશે તો તેઓની અરજી / નિમણૂંક રદ થવાને પાત્ર રહેશે.

(૧૫) ભરતી પ્રક્રિયા દરમ્યાન રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

(૧૬) આ જાહેરાત અંગે પૂછપરછ માટે કચેરી સમય દરમ્યાન: **૦૭૯-૨૩૨૨૯૧૬૨** ફોન નંબર ઉપર સંપર્ક કરી શકાશે.

(૧૭) કોઇ પણ કારણ આપ્યા સિવાય અરજીનો સ્વીકાર/અસ્વીકાર કરવાની સત્તા સભ્ય સચિવશ્રીને રહેશે

સભ્ય સચિવ

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,


!! છ રોડ !! !! જલસેવા ભવન !!, એરફોર્સની કચેરીની સામે,સેક્ટર-૧૦-એ,ગાંધીનગર

પીએબીએક્સ નં. (૦૭૯)૨૩૨૨૯૧૬૨, ૨૩૨૨૦૮૫૯, ૨૩૨૨૨૫૪૭


## જાહેરાત

ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ દ્વારા નીચે દર્શાવેલ જગ્યાઓ માટે જરૂરી લાયકાત, અનુભવ અને ગુજરાતી ભાષાનું જ્ઞાન ધરાવતા યોગ્ય ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગનુ નામ | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ તથા ગ્રેડ પે |
|---|---|---|---|
| ૧ | કાર્યપાલક ઇજનેર (સિવિલ) | ૦૪ | પ્રથમ ચાર વર્ષ માટે મદદનીશ કાર્યપાલક ઇજનેર(સિ) તરીકે રૂ.૯૩૦૦-૩૪૮૦૦. ગ્રેડ પે.-૫૪૦૦ તથા ત્યારબાદ કાર્યપાલક ઇજનેર(સિ) તરીકે રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦. ગ્રેડ પે.-૬૬૦૦ |

ઉપરોકત જગ્યાઓ માટેની શૈક્ષણિક લાયકાત, પગાર ધોરણ, વયમર્યાદા,તથા અનામત જગ્યાઓની માહિતી તેમજ ઓન લાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી બોર્ડની વેબસાઇટ http://www.gwssb.org અને ઓજસની વેબસાઇટ http://ojas.guj.nic.in ઉપરથી મળી શકશે.

રસ ધરાવતા ઉમેદવારોએ તા.૧૬/૦૧/૨૦૧૫( ૧૪-૦૦ કલાક) થી તા.૩૦/૦૧/૨૦૧૫ (૨૩-૫૯ કલાક) દરમ્યાન http://ojas.guj.nic.in પર ઓન લાઇન અરજી કરવાની રહેશે.

**સભ્ય સચિવ**